**નવો ફોજદારી કેસ નં.૧૩૯/૨૦૧૬**

**(જુનો ફોજદારી કેસ નં.૧૦૨/૨૦૧૩)**

**–: આંક–૧ લગત હુકમ :–**

રાણીપ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૪/૨૦૧૩ ઈ.પી.કોડની કલમઃ૧૩૦, ૨૨૪, ૧૨૦(બી) તથા પ્રિઝન્સ એકટ કલમઃ૪૨, ૪૫ મુજબનાં ગુનાના કામે ત.ક.અ.શ્રીએ આરોપીઓ વિરુધ્ધ ચાર્જસીટ દાખલ કરતા તેનો ફોજદારી કેસ નં.૧૦૨/૨૦૧૩ પડેલ. સદરહું ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા માત્ર નામ.સેશન્સ કોર્ટને હોય મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૦૯ અન્વયે સદર કેસ નામ.સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટને કમીટ કરવાનો તા.૧૦/૦૬/૨૦૧૩ નાં રોજ હુકમ કરેલ અને સદરહું કેસનુ તમામ રેકર્ડ મુદ્દામાલ સહીત નામ.સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ તરફ મોકલી આપતા સદર કેસનો **સેશન્સ કેસ નં.૩૮૯/૨૦૧૩** પડેલ. ત્યારબાદ સદરહું કામનાં આરોપીઓએ આંક–૮૧ તથા આંક–૮૨ થી અરજી આપી સદરહું ગુનાનાં કામે ઈ.પી.કોડની કલમઃ૧૩૦ રદ કરવા અરજ ગુજારતા નામ. એડીશનલ સેશન્સ જજ, કોર્ટ નં.૧૫, સીટી સેશન્સ કોર્ટ, અમદાવાદનાંઓએ સદરહું આંક–૮૧ તથા ૮૨ ની અરજી મંજુર કરી સદરહું ગુનાનાં કામે ઈ.પી.કોડની કલમઃ૧૩૦ રદ કરી, એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાંઓએ કરેલ કમીટલ હુકમ રદ કરી કેસનું રેકર્ડ કોર્ટ નં.૧૧ ને મોકલી આપવાનો તા.૧૬/૦૪/૨૦૧૬ નાં રોજ હુકમ કરેલ અને તે મુજબ સદર કેસનુ રેકર્ડ અત્રેની કોર્ટમાં પરત આવતા તે ફોજદારી કેસ નંબર ૧૩૯/૨૦૧૬ થી નોંધાયેલ. ત્યારબાદ નામ.સેશન્સ કોર્ટ નં.૧૫ નાંઓએ આંક–૮૧ તથા ૮૨ ની અરજી લગત કરેલ હુકમ સામે પબ્લીક પ્રોસીકયુટરશ્રીએ સરકારશ્રી તરફે નામ.ગુજરાત હાઈકોર્ટમાં આર/સ્પે.ક્રિમીનલ એપ્લીકેશન નં.૩૧૯૧/૨૦૧૬ થી અરજ ગુજારતા નામ.ગુજરાત હાઈકોર્ટે એડીશનલ સેશન્સ જજ, કોર્ટ નં.૧૫, સીટી સેશન્સ કોર્ટ, અમદાવાદનાંઓએ સેશન્સ કેસ નં.૩૮૯/૨૦૧૩ નાં કામે આંક–૮૧ તથા ૮૨ ની અરજી લગત કરેલ હુકમ રદ કરવાનો હુકમ તા.૨૩/૧૧/૨૦૨૨ નાં રોજ કરેલ છે. જેથી સદરહું ગુનાનાં કામે આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમઃ૧૩૦ ડીલીટ કરવાનો નામ.સેશન્સ કોર્ટે આંક–૮૧ તથા આંક–૮૨ લગત જે હુકમ કરેલ તે હુકમ નામ.ગુજરાત હાઈકોર્ટે રદ કરી દિધેલ હોય મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૦૯ અન્વયે કરેલ કમીટલ હુકમ યથાવત થઈ ગયેલ હોય અને સદર ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા માત્ર નામ. સેશન્સ કોર્ટને રહેલ હોય નામ.ગુજરાત હાઈકોર્ટે કરેલ હુકમ મુજબ હાલનો કેસ નામ.સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ તરફ આગળની ટ્રાયલ માટે મોકલી આપવો ઉચિત જણાતુ હોય તે મુજબ હાલનો કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આ કેસનું તમામ રેકર્ડ મુદ્દામાલ સહીત નામ.સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ ને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

– આ કેસ મોકલી આપ્યા અંગેની જાણ આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીકયુટરશ્રીને કરવી.

– આરોપીઓને નામ.સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ સમક્ષ તા.૦૫/૦૬/૨૦૨૩ નાં રોજ હાજર રખાવવા જેલરશ્રી, સાબરમતી સેન્ટ્રલ જેલ, અમદાવાદને યાદી કરવી.

હુકમ આજ રોજ તા.૩૧/૦૫/૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

(મનીષ વી. ચૌહાણ)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧, અમદાવાદ.
જજ કોડ નં.જી.જે.૦૧૦૧૫.